વિચરતી અને વિમુક્તજાતિના લોકોને આપતી મફત તબીબી સહાયની યોજના ના દરમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસવિભાગ.
(સમાજ કલ્યાણ પ્રભાગ)
ઠરાવક્રમાંક:એસ.સી.ડબ્લ્યુ/૭૯૮/ન.બા. ૬૬/ગ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૩૦ નવેમ્બર-૯૮

વેચારણે લીધા:- (૧) સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (સમાજકલ્યાણપ્રભાગ) નો તા.૮/૧૨/૯૫ નો ઠરાવ ક્રમાંક:એસસીડબ્લ્યુ/૭૯૫/ન.બા.૬/
(૨) નિયામકશ્રી,સમાજકલ્યાણ ખાતાનો તા.૬/૭/૯૮નો પત્ર ક્રમાંક: સક/અગન/મ/૪/૯૮/૬૧૮૫

ઠરાવ :-

આ વિભાગના તા.૮/૧૨/૯૫ ના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૭૯૫/ન.બા/ જ.થી વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાયના દરો અમલમાં છે. વિચરતી અને વિમુક્ત/જાતિના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે તેઓ ક્ષય(ટી.બી.)રક્તપિત્ત અને કેન્સર જેવા રોગો માટે મોંઘી દવાઓ ખરીદી શકતા નથી.કે યોગ્ય સારવાર મેળવી શકતા નથી આથી સરકારશ્રીએ કાળજીપુર્વકની, વિચારણાના અંતે વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાય યોજના અંતર્ગત નીચે દર્શાવેલ રોગોમાં હાલ અપાતી સહાયના દરોમાં તેની સામે જણાવ્યમુજબ વધારો કરવાનું ઠરાવેલ છે.

ક્રમ ૧.	રોગનું નામ ૨.	સહાયના પ્રવર્તમાન દર ૩.	સહાયના સુધારેલ દર ૪.
૧.	પ્રસુતિના ગંભીર રોગના કેસમાં	રૂ.૨૦૦/-કેસદીઠ	રૂ.૫૦૦/- કેસદીઠ ફક્ત એક વા
૨.	સ્ત્રીઓને થતો પાંડુરોગ માટે	રૂ.૭૫/- કેસદીઠ	રૂ. ૧૫૦/- કેસ દીઠ ફક્ત એક વા
૩.	ક્ષય	રૂ. ૧૨૫/-પ્રતિમાસ બારમાસ સુધી	રૂ.૨૫૦/-પ્રતિમાસ બાર માસ સુધી
૪.	કેન્સર	રૂ. ૩૦૦/-પ્રતિમાસ દર્દીમટે ત્યાં સુધી	રૂ.૫૦૦/-પ્રતિમાસ દર્દી મટે ત્યાંસુધી
૫.	રક્તપિત્ત	રૂ. ૨૦૦/-પ્રતિમાસ દર્દી મટે ત્યાંસુધી	રૂ. ૪૦૦/- પ્રતિમાસ દર્દી મટે ત્યાંસુધી

ઉપર્યુક્ત મફત તબીબી સહાય યોજનાનો લાભ નીચે જણાવેલ શરતોને આધીન આપવામાં આવશે.

(૧) અરજદારની વાર્ષિક આવક રૂા. ૧૨૦૦૦/- થી વધુ ના હોવી જોઇએ.

(૨) ટી.બી.કેન્સર અને રક્તપિત્તના દર્દી જ્યાં સારવાર લેતા હોય તેવા સરકારી ડોકટર અથવા સરકાર માન્ય ડોકટર નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૩) સરકારી કર્મચારીયોને આ મફત તબીબી સહાયની યોજનાનો લાભ મળી શકશે નિહ. આ યોજના માટે વર્ષ ૧૯૯૮-૯૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા.૨.૦૦/- બેકે રુપિયા બે લાખ પુરા) ની વિભાગ-૨ની નવી બાબત ને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ ખર્ચનું ખર્ચ માંગણી ક્રમાંક: મુખ્ય સદર ૨૨૨૫ અનુ.જાતિ જનજાતિઓ અને અન્ય પછાતવર્ગો નું કલ્યાણ ૭૦૧ વિચરતી અને વિમુક્ત જાતિઓનું કલ્યાણ ૨૯૨ આરોગ્ય બીસીકે:૪૪ વિચરતી અને વિમુક્ત જાતિ માટે મફત તબીબી સહાયની યોજના હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનું રહેશે.

આ ઠરાવમાં વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી ની તા. ૧૩/૧૦/૯૮ ની નોધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-

(ડી.પી. પરમાર)
સેકશન અધિકારી,
સમાજકલ્યાણ અને આદિજાતિવિકાસવિભાગ
(સમાજ કલ્યાણ વિભાગ)

પ્રતિ,
નિયામકશ્રી,સમાજ કલ્યાણ ખાતુ,ગુજરાત રાજ્ય ગાંધીનગર

નં.સક/અગન/૨/
નિયામક,સમાજ કલ્યાણ ખાતુ,
ડો.જીવરાજ મહેતા ભવન,
બ્લોક-૪,બીજે માળ,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર
તારીખ: / /૯૮

નકલ રવાના જાણ તથા જરુરી કાર્યવાહી સારૂ,

(૧) સર્વ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી જિ.....
(૨) સર્વ સમાજકલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) જિ.....

નાયબ નિયામક,
સમાજ કલ્યાણ ખાતુ ગુ.રા.
ગાંધીનગર.